તા. ૨૬.૦૯.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨

PM મોદી દ્વારા મેટ્રો રેલના રૂટનું આજે ઉદ્દઘાટન

# અમદાવાદ-ગાંધીનગર મેટ્રો સાંજે ૭:૨૦ સુધી જ દોડશે

અમદાવાદ,રવિવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આવતીકાલે ગાંધીનગરના સેક્ટર-૧ સ્ટેશનથી અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેઝ-૨ના ૨૦.૮ કિલોમીટરની લંબાઈ ધરાવતા કોરિડોરનું ઉદ્દઘાટન કરવામાં આવશે.

## સેક્ટર-૧થી મોટેરા ૩૫ મિનિટમાં જ્યારે GNLUથી ગિફ્ટ સિટી ૧૦ મિનિટમાં પહોંચાશે

મોટેરા સ્ટેડિયમ સ્ટેશનથી ગાંધીનગરના સેક્ટર-૧ મેટ્રો સ્ટેશન સુધી સવારે ૮ થી સાંજે ૬:૩૫ જ્યારે સેક્ટર-૧ મેટ્રો સ્ટેશનથી મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન સવારે ૭:૨૦ થી સાંજે ૭:૨૦ સુધી આ ટ્રેન દોડશે.

મેટ્રો ટ્રેનની આ સુવિધા દ્વારા મોટેરા સ્ટેડિયમ સેક્ટર-૧નું અંતર ૩૫ મિનિટમાં કાપી શકાશે. મોટેરા સ્ટેડિયમથી રવાના થઈને આ ટ્રેન ૧૭ મિનિટમાં જીએનએલયુ પહોંચશે. બંને રૂટ વચ્ચે કુલ ૧૭ ફેરા થશે.

આ ઉપરાંત જીએનએલયુ મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન વચ્ચે સવારે ૮:૨૫થી સાંજે ૬:૩૫ જ્યારે ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશનથી જીએનએલયુ મેટ્રો સ્ટેશન સવારે ૭:૧૮થી સાંજે ૬:૪૮ વચ્ચે દોડાવાશે. જીએનએલયુથી પીડીઈયુ ચાર મિનિટમાં અને ગિફ્ટ સિટી ૧૦ મિનિટમાં પહોંચાશે. આ રૂટમાં કુલ ૧૯ ફેરા થશે. આગામી સમયમાં મોટેરાથી સેક્ટર-૧, જીએનએલયુથી ગિફ્ટ સિટીના ફેરામાં વધારો કરવામાં આવે તેવી સંભાવના છે.

### મોટેરાથી સેક્ટર-૧ જવા છેલ્લી ટ્રેન સાંજે ૬ વાગે ઉપડશે

સેક્ટર-૧થી સવારે ૭:૨૦થી આ ટ્રેનનો પ્રારંભ, સવારે ૭:૩૬ના જીએનએલયુ, સવારે ૭:૫૫ના મોટેરા પહોંચશે. સેક્ટર-૧થી છેલ્લી ટ્રેન સાંજે ૬:૪૦ના. મોટેરાથી સવારે ૮ વાગે પહેલી ટ્રેન, સવારે ૮:૧૭ના જીએનએલયુ, સવારે ૮:૩૫ના સેક્ટર-૧. મોટેરાથી છેલ્લી ટ્રેન સાંજે ૬ વાગે.

### મેટ્રોને અત્યારસુધી રૂ. ૬૪ કરોડની આવક

મેટ્રો રેલમાં બીજી ઓક્ટોબર ૨૦૨૨થી ઓગસ્ટ ૨૦૨૪ સુધી કુલ ૫.૨૮ કરોડ મુસાફરો નોંધાયા અને તેનાથી કુલ રૂપિયા ૬૪.૭૬ કરોડની આવક થયેલી છે. આમ, પ્રતિ દિવસે મેટ્રોને સરેરાશ રૂપિયા ૯.૨૬ લાખ જેટલી આવક થાય છે.